કમિશનર, આદિજાતિ વિકાસ
બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ
ગુજરાત રાજય, ગાંધીનગર.
જાહેરાત ક્રમાંકઃ ૧/૨૦૧૬-૧૭ અંગેની વિગતવાર સૂચનાઓ.
(વેબસાઇટ એડ્રેસઃ https://ojas.gujarat.gov.in)

---

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની સહાયક અનુદાન મેળવતી માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજયમાં ચાલતી આશ્રમશાળાઓમાં સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ ધોરણ-૮ ના વર્ગો માટે ૪૦૨ વિદ્યા સહાયકોની જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન ફીકસ વેતન નીતિને આધિન રહીને ભરવા ઉમેદવારો પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા ફકરા નં.૯ (અ)(બ) માં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર તા.૧૦/૧/૨૦૧૭ (સમય રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

(૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં ફકરા નં.૧૨ માં દર્શાવેલ છે તે સૂચનાઓ સહિત સમગ્ર જાહેરાત ઓનલાઇન અરજી ભરતા પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

(૨) ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (હોય તો) માજી સૈનિક (લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી આ અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહી. આવા કારણોસર અરજી રદ્દ થાય તો તે અરજી કરનાર ઉમેદવારની અંગત જવાબદારી ગણાશે.

આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની સહાયક અનુદાનના ધોરણે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચાલતી આશ્રમશાળાઓમાં ધો.૮ ના વર્ગ માટે ગણીત-વિજ્ઞાન, અંગ્રેજી અને ગુજરાતી વિષયના વિદ્યા સહાયક સંવર્ગની કેટેગરીવાર કુલ ખાલી જગ્યાઓની વિગત.

| કુલ જગ્યા | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા |
| ૪૦૨ | ૨૦૪ | ૬૦ | ૧૫૦ | ૫૫ | ૦૦ | ૦૦ | ૪૮ | ૧૨ |

ઉપરોકત જગ્યાઓમાં વધ-ઘટ થવાની શકયતા છે.

(૩) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

(૪) એક ઉમેદવાર એક જ અરજી (No multiple application) કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી (multiple application) ના કિસ્સામાં સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી (સૌથી ઉંચા નંબરની) એક જ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ.ર (ભાગ-૧) ની જોગવાઇઓને ધ્યાને લઇને મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યાએ સબંધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ-૧૦ જગ્યાઓ પૈકી ૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે. )

(૭) <u>પગાર ધોરણઃ</u>

નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૯/૪/૨૦૧૦ ના ઠરાવ નંબર ખરચ/૨૦૦૨/૫૭/ઝ/૧ ની જોગવાઇઓને આધિન તેમજ તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) /ઝ.૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨) ઝ.૧ થી નકકી થયા મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૭૧૦૦/- પ્રતિ માસ ફીકસ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થું રૂ.૧૯૦૦/- મળીને કુલ રૂ. ૧૦,૦૦૦/- ઉચ્ચક પગારથી નિમણૂંક અપાશે. વધુમાં ખાસ ભથ્થા ઉપર વાર્ષિક વધારો રૂ.૧૫૦૦/- નો રહેશે. તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. આ બાબતે નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચૂકાદાને આધિન રહેશે.

(૮) <u>રાષ્ટ્રિયતાઃ</u>

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો. ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

(૯) <u>શૈક્ષણિક લાયકાતઃ</u>

ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણના વિદ્યા સહાયક / શિક્ષક તરેકે સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંક પાત્ર થવા માટે ઉમેદવારે નીચે મુજબની શૈક્ષણિક લાયકાત મેળવેલ હોવી જોઇએ.

ધોરણ ૬ થી ૮ ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે વિદ્યા સહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(અ) ગણિત વિજ્ઞાન શિક્ષકઃ નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ સહાયક/ શિક્ષક (ગણિત-વિજ્ઞાન) કહેવાશે.

(i) શૈક્ષણિક અને તાલીમી લાયકાતઃ

શૈક્ષણિક લાયકાતઃ બી.એસ.સી. અને તાલીમી લાયકાતઃ બે વર્ષિય પી.ટી.સી.

અથવા

શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે ગણિતના શિક્ષક માટે ગણિત (Maths) / આંકડાશાસ્ત્ર (Statistics) /ભૌતિકશાસ્ત્ર (Physics) / રસાયણશાસ્ત્ર (Chemistry) /બાયોલોજી (Biology) / બોટની, જુઓલોજી /ભુસ્તર વિજ્ઞાન પૈકી કોઇપણ એક અથવા વધારે વિષય સાથે બી.એસ.સી.ની પદવી.

તાલીમ લાયકાતઃ એક વર્ષિય બી.એડ

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાતઃ ચાર વર્ષિય બેચરલ ઇન એલીમેન્ટરી એજયુકેશન (B.EL. Ed.)

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ધોરણ-૧૨ (એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને તાલીમી લાયકાતઃ ચાર વર્ષિય બી.એસ.સી. એજયુકેશન (B.Sc. Ed.)

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ અને

તાલીમી લાયકાતઃ ચાર વર્ષિય બી.એસ.સી. એજયુકેશન ((B.Sc. Ed.) અથવા

શૈક્ષણિક લાયકાતઃ ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસ.સી. અને

તાલીમી લાયકાતઃ એક વર્ષિય બી.એડ (સ્પેશ્યલ એજયુકેશન)

(ii) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ) TET) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ) TET) માં લઘુત્તમ ૬૦ ટકા ગુણ મેળવેલ હોવા જોઇશે.

(૨) આમ છતાં પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શકયતા નથી તો વિદ્યા સહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગ્યતાની પરીક્ષાનું ફોર્મ ભરેલ હશે તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવાની મંજૂરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારોએ પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નકકી કરે તે તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. પરિણામ રજૂ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(iii) <u>ગુણાંકન પધ્ધતિ:</u>

ઉપર્યુકત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી. (TET) માં નિયત કરેલ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એસ.સી.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ/પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી. મેળવેલ ગુણના | ૫૦ ટકા |

અથવા

ઇન્ટીગ્રેટેડ બી.એડ. ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે. (ચાર વર્ષનો અભ્યાસક્રમ)

| | |
|---|---|
| ઇન્ટીગ્રેટેડ બી.એસ.સી. બી.એડ. માંથી મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| એમ.એસ.સી.માંથી મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઇ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(બ) ભાષાઓના વિદ્યા સહાયક/શિક્ષક

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યા સહાયક/ પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યા સહાયક / શિક્ષક (ભાષા) કહેવાશે

(i) શૈક્ષણિક અને તાલીમી લાયકાત

શૈક્ષણિક લાયકાત બી.એ. (અંગ્રેજી/ગુજરાતી) બી.આર.એસ., બી.એસ.એસ.સી.

તાલીમી લાયકાતઃ બે વર્ષિય પી.ટી.સી.

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ./ બી.આર.એસ., બી.એસ.એસ.સી. (અંગ્રેજી/ગુજરાતી) અને

તાલીમી લાયકાતઃ એક વર્ષિય બી.એડ

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ધોરણ-૧૨ (એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાતઃ ચાર વર્ષિય બેચલર ઇન એલીમેન્ટરી એજયુકેશન (B.EL. Ed.)

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ધોરણ-૧૨ (એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાતઃ ચાર વર્ષિય બી.એ. (ગુજરાતી/અંગ્રેજી) એજયુકેશન (B.A. Ed.)

અથવા

શૈક્ષણિક લાયકાતઃ ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ. (અંગ્રેજી) અને

તાલીમી લાયકાતઃ એક વર્ષિય બી.એડ (સ્પેશ્યલ એજયુકેશન)

(ii) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇએ. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET) માં લઘુત્તમ ૬૦ ટકા ગુણ મેળવેલ હોવા જોઇશે.

(૨) આમ છતાં પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શકયતા નથી તો વિદ્યા સહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગ્યતાની પરીક્ષાનું ફોર્મ ભરેલ હશે તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવાની મંજૂરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારોએ પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નકકી કરે તે તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. પરિણામ રજૂ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે. અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(iii) <u>ગુણાંકનઃ</u>

ઉપર્યુકત શૈક્ષણિક/ તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી. (TET) નિયત કરેલ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એ. (અંગ્રેજી/ગુજરાતી) બી.આર.એસ.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ. (અંગ્રેજી/ગુજરાતી) એમ.આર.એસ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ/પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી. મેળવેલ ગુણના | ૫૦ ટક |

- જીલ્લાની ભરવાપાત્ર કુલ જગ્યાના ૧૦ ટકા જેટલી જગ્યાઓનું વેઈટીંગ લીસ્ટ રહેશે અને પસંદગી સમિતિ નક્કી કરે તે મુજબ અનુસરવાનું રહેશે. વેઈટીંગ લીસ્ટ એક વર્ષ સુધી અથવા જગ્યા ભરવા બીજી જાહેરાત આપવામાં આવે, આ બન્નેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી માન્ય રહેશે.
- ઉમેદવારે પાસ કરેલ પી.ટી.સી. અને ઈન્ટીગ્રેટેડ બી.એડ. ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન (NCTE) દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે અને સ્નાતક તથા અનુસ્નાતકની પદવી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સીટીમાંથી મેળવેલ હોવી જોઈશે.
- ઉમેદવાર (૧) રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા.૧૮/૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦-ગ.૫ મુજબ કોમ્પ્યુટરના બેઝીક નોલેજનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અથવા (૩) ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે.ઓનલાઇન અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવુ પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા આવા ઉમેદવાર નિમણૂંક મેળવવાપાત્ર ઠરશે નહી. અને (૩) ઉમેદવાર ગુજરાતી અને/અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

(૧૦) <u>વયમર્યાદાઃ</u>

નિમણુંક માટે પાત્ર ઉમેદવારની ઉંમર જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૧૦/૧/૨૦૧૭ ના રોજ ઉમંર ૧૮ વર્ષથી ૨૮ વર્ષ સુધીની હોવી જોઈશે. અનુ.જાતિ., અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ. અને મહીલા ઉમેદવાર માટે મહત્તમ વયમર્યાદામાં સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓને આધીન વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળવાપાત્ર રહેશે. સંવર્ગની જગ્યા માટે તા.૧૦/૧/૨૦૧૭ ની સ્થિતિએ ઉમેદવારની ઉંમર ૪૫ વર્ષથી વધુ નહી હોવી જોઇએ.

૧. મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

(૧) સામાન્ય મહિલા ઉમેદવારોને ૫ વર્ષ

(૨) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ

(૩) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ

(૪) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ

(૫) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષ

ઉકત તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર તા.૧૦/૧/૨૦૧૭ ની સ્થિતિએ કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઇએ નહી.

(૧૧) વયમર્યાદા માટે નિર્ધારીત તારીખઃ

તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૧૦/૧/૨૦૧૭ ના રોજ સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ જાહેરાત તા.૧૦/૧/૨૦૧૭ ગણવાની રહેશે.

(૧૨) અરજી કરવાની રીતઃ

આ જાહેરાતના સંદર્ભમાં કમિશનર આદિજાતિ વિકાસ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા.૩૧/૧૨/૨૦૧૬ થી (સમય રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી ) દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકાશે. ઉમેદવારે

(૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું.

(૨) હવે Apply online click કરવું.

(૩) Vidyasahayak ની જાહેરાત ક્રમાંકઃ ૧ ઉપર click કરવાથી Screen ઉપર more details અને apply now ની વિગતો મળશે જે more details click કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે, જે વાંચી જવી.

(૪) તેની નીચે apply now ઊપર click કરવાથી Application format ખુલશે, જેમાં સૌ પ્રથમ Personal details ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફૂદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.

(૫) Personal details ભરાયા બાદ Educational details ભરવા માટે Educational Qualification ઉપર click કરવું.

(૬) તેની નીચે Self-declaration ઉપર click કરવું. ત્યારબાદ

(૭) ઉપરની શરતો સ્વીકારવા માટે Yes ઉપર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૮) હવે Save ઉપર કલીક કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.

(૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો Application number generate થશે. જે ઉમેદવારે સાચવી રાખવાનો રહેશે.

(૧૦) હવે Upload photograph ઉપર click કરો અહી તમારો Application number ટાઈપ કરો અને તમારી Birth date ટાઈપ કરો. ત્યારબાદ Ok ઉપર click કરવું. અહીં Photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને signature

નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (Photo VG[ signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg. Format માં (15 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સ્કેન કરી computer માં Save કરેલા હોવા જોઈએ). Browse button ઉપર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg. Format માં તમારો photo store થયેલ છે તે ફાઈલને select કરો અને open button ને click કરો. હવે browse button ની બાજુમાં upload button ઉપર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ પછીના દરેક તબક્કે કચેરી માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. ઓનલાઈન અરજીમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગાફ રજુ થશે તો ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણુંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૧૧) પેજના ઉપરના ભાગમાં confirm application ઉપર click કરો અને application number તથા birth date type કર્યા બાદ Ok ઉપર click કરવાથી ત્રણ બટન (૧) Ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview ઉપર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application ઉપર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો કચેરીમાં online સ્વીકાર થઈ જશે.

(૧૨) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે કચેરી દ્વારા થઇ શકશે નહી. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો કચેરી માગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી ઉમેદવારે પ્રથમ પોતાની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/ પિતાનું નામ, અટક, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ, (કેટેગરી) જેન્ડર (મેલ-ફીમેલ) માજી સૈનિક, સ્પોર્ટસ, સા.ખો.ખા. વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ/અટકના સ્પેલીંગ સહિત કરી લઇને તેને અનુરુપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. કચેરી દ્વારા ચકાસણી સારૂ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા કચેરી સમક્ષ રજૂ કરવામાં આવતા પત્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો તેવી ક્ષતિયુકત અરજીઓ કચેરી દ્વારા જે તે તબકકેથી રદ કરવામાં આવશે. ખોટી કે અધુરી વિગતોને કારણે ક્ષતિયુકત અરજી રદ કરવામાં આવે તો તેમાં કચેરીની કોઇ જવાબદારી રહેશે નહી. આથી ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોના આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

(૧૩) confirm application ઉપર click કરતાં અહી confirmation number generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઇપણ પત્ર વ્યવહાર કરી શકાશે નહી. confirm થયેલ અરજી પત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) હવે Print application ઉપર click કરવું અહી તમારો confirmation number ટાઇપ કરવો. અને print ઉપર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવા જણાવવામાં આવે છે. જેથી ઉમેદવારે પોતે ઓનલાઇન રજૂ કરેલી અરજીની તે નકલ જરૂર પડયે ઉપયોગમાં લઇ શકાય.

(૧૩) <u>પસંદગી પ્રક્રિયાઃ</u>

વિદ્યા સહાયક (અપર પ્રાથમિક) ધોરણ-૮ માટે સરકારશ્રીની ફીકસ વેતન નીતિને આધિન રહી વિદ્યા સહાયકોની જગ્યા ઉપર પસંદગી સબંધિત જીલ્લા કક્ષાની સબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીના અધ્યક્ષસ્થાને સરકારશ્રી દ્વારા નિયત કરેલ ભરતી પસંદગી સમિતિઓ દ્વારા મેરીટના ધોરણે પસંદગી પ્રક્રિયા કેન્દ્રિયકૃત ધોરણે કરવામાં આવશે.

(૧૪) <u>સામાન્ય શરતોઃ</u>

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓને આધિન મળવાપાત્ર છૂટછાટ મળશે. બધીજ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ માજી સૈનિક સિવાય વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) સા.શૈ.પ.વ.ના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નિયત નમૂનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર સબંધિત જીલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ માગે ત્યારે રજૂ કરવાનું રહેશે. તા.૧/૪/૨૦૧૫ થી તા.૩૧/૩/૨૦૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઇ તા.૧/૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ ૧૦/૧/૨૦૧૭ દરમ્યાન મેળવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેના અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાનો રહેશે. (અંગ્રેજીમાં કઢાવેલ નોન ક્રિમિલયર સર્ટીફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહી.) પરીક્ષા બાદ પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતા ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વય મર્યાદામાં આવતા નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. આથી ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(૩) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરણિત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ.(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમોનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત કચેરી માગે ત્યારે તેના તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(૫) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલટેનીશ, વોલીબોલ, ટેનિસ, વેટલીફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાયકલીંગ, જીમ્નેસ્ટીક, ઝુડો, કબડ્ડી, રાયફલ શુટીંગ, ખો-ખો, તિરંદાજી, ઘોડેસ્વારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો- ખેલકૂદમાં રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર કચેરી માગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકકદાર થશે. Sports ના અરજી કરનાર ઉમેદવાર જો કચેરી માગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહી કરી શકે તો આવા ઉમેદવારને Sports ના ગુણ મળવાપાત્ર થશે નહી.

(૧૫) <u>સામાન્ય સૂચનાઓઃ</u>

૧. શૈક્ષણિક લાયકાત કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, (કેટેગરી) એસ.સી./એસ.ટી./ એસ.ઇ.બી.સી.) માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડખાંપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોના આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્ર અને પુરાવાઓ અત્રેની કચેરી દ્વારા જીલ્લા કક્ષાની ભરતી પસંદગી સમિતિ દ્વારા માગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહિત) રજૂ કરવાના રહેશે. એવા પુરાવા રજૂ નહી કરી શકનાર ઉમેદવારનું અરજી પત્રક જે તે તબકકેથી રદ ગણવામાં આવશે.

૨. અરજદારે અરજી પત્રમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલૂમ પડશે તો તેવી અરજી રદ કરવાપાત્ર થશે.

૩. ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો upload કરે છે તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી. અને પ્રમાણપત્ર વેરીફીકેશન કેમ્પ્ સમયે હાજરી પત્રકમાં લગાવવાના રહેશે તેમજ સબંધિત જીલ્લા ભરતી પસંદગી સમિતિ માગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

૪. ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં જરૂરી સૂચનાઓ SMS થી મોકલી શકાય જેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

૫. ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષના અજમાયશી ધોરણે આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ હસ્તકની સહાયક અનુદાન મેળવતી આશ્રમશાળાઓમાં ધોરણ-૮ ના વર્ગ માટે વિદ્યા સહાયક સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી જીલ્લા ભરતી પસંદગી સમિતિ દ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ આ સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

૬. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

૭. ઉમેદવાર પોતે આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ અને ખાતાના વડા કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી નિયંત્રણ હેઠળની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે સહાયક અનુદાનના ધોરણે ચાલતી આશ્રમશાળાઓમાં ધોરણ-૮ માટે વિદ્યાસહાયકોની મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ કરીને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૮. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરીના નિયંત્રણ હેઠળની સહાયક અનુદાન મેળવતી આશ્રમશાળાઓમાં ધોરણ-૮ ના વર્ગ માટે વિદ્યાસહાયકોની પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

૯. આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો કચેરીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. અને કચેરી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૬) કમિશનર આદિજાતિ વિકાસ ગુજરાત રાજય, ગાંધીનગર જે કોઇ ઉમેદવારને

૧. તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે અત્રેની કચેરીના ખાતાના વડા કે અન્ય અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે

૨. બીજાનું નામ ધારણ કરવા માટે

૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે.

૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતી આચરવા માટે.

૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે.

૬. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૧૭) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) ઓનલાઇન અરજી કન્ફર્મ કરવામાં આવી ન હોય.

(૩) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૪) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

(૫) અરજી ફેકસથી ઇ-મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(૬) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું (નોન-ક્રિમિલેયર ) પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

(૧૮) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. અને કચેરી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

કમિશનર,
આદિજાતિ વિકાસ,
ગુજરાત રાજય, ગાંધીનગર.